# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

***************************************************

1) પ્રાકૃતિક આપત્તિઓથી અસરગ્રસ્ત 5 રાજ્યને એક હજાર 544 કરોડ રૂપિયાથી વધુની વધારાની કેન્દ્રીય સહાયને મંજૂરી

2) દેશનાં મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે જ્ઞાનેશ કુમારે પદભાર સંભાળ્યો.

3) 15મી ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રનો આજથી પ્રારંભ

4) દિલ્હી ભારતીય જનતા પાર્ટી ધારાસભ્ય દળની આજે સાંજે નવી દિલ્હીમાં બેઠક યોજાશે

5) વડોદરામાં આજે મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગમાં યુ.પી વોરિયર્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# CENTRE FLOOD ASSISTANCE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરની સમિતિએ ગયા વર્ષે અચાનક આવેલા પૂર, ભૂસ્ખલન અને વાવાઝોડા જેવી પ્રાકૃતિક આપત્તિઓથી અસરગ્રસ્ત પાંચ રાજ્યને એક હજાર 544 કરોડ રૂપિયાથી વધુની વધારાની કેન્દ્રીય સહાયને મંજૂરી આપી છે. આ રકમ રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળ- NDRFમાંથી તરફથી જાહેર કરવામાં આવી છે.

ગૃહ મંત્રાલયના જણાવ્યા મુજબ, આંધ્રપ્રદેશ માટે 608 કરોડ રૂપિયા, નાગાલૅન્ડ માટે 170 કરોડ, ઓડિશા માટે 255 કરોડ, તેલંગાણા માટે 231 કરોડ અને ત્રિપુરા માટે 288 કરોડ રૂપિયાથી વધુની રકમને મંજૂર કરવામાં આવી છે.

ગૃહ મંત્રાલયે જણાવ્યું, આ સહાય રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ- SDRF અંતર્ગત કેન્દ્ર દ્વારા રાજ્યોને પહેલાથી ફાળવાયેલી રકમથી અલગ છે. નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન કેન્દ્ર સરકારે SDRF અંતર્ગત 27 રાજ્યને 18 હજાર 322 કરોડ રૂપિયાથી વધુ અને NDRFમાંથી 18 રાજ્યને 4 હજાર 808 કરોડ રૂપિયાથી વધુની રકમ જાહેર કરાઈ છે.

# GYANESH KUMAR CEC

નવી દિલ્હીના નિર્વાચન સદન ખાતે જ્ઞાનેશ કુમારે નવા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે પદભાર સંભાળ્યો છે. શ્રી કુમારે આ પદ પર પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારનું સ્થાન ગ્રહણ કર્યું છે. પદ સંભાળ્યા બાદ પોતાના સંદેશમાં શ્રી કુમારે કહ્યું, રાષ્ટ્ર નિર્માણ માટે પહેલું પગલું મતદાન છે અને દેશના દરેક નાગરિકે મતદાર બનવું જોઈએ.

(બાઈટઃ જ્ઞાનેશ કુમાર, મુખ્ય ચૂંટણી કમિશનર)

આ પહેલા શ્રી કુમાર 15 માર્ચ 2024થી ચૂંટણી કમિશનર તરીકે કાર્યરત્ હતા. ચૂંટણી કમિશનર તરીકે તેમના કાર્યકાળ દરમિયાન 18મી લોકસભા અને જમ્મુ-કાશ્મીર, હરિયાણા, મહારાષ્ટ્ર, ઝારખંડ અને દિલ્હીની વિધાનસભાઓની ચૂંટણી યોજાઈ હતી.

કેરળ કેડરના વર્ષ 1988 બેચની ભારતીય વહીવટી સેવાના અધિકારી જ્ઞાનેશ કુમાર પાસે કેન્દ્ર અને રાજ્ય બંને સરકારમાં કામ કરવાનો અનુભવ છે. તેમણે સંસદીય કાર્ય મંત્રાલય અને સહકાર મંત્રાલયમાં પણ સચિવ તરીકે કાર્ય કર્યું છે.

# GUJARAT BUDGET SESSION

15મી ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રનો આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી પ્રારંભ થયો. સૌપ્રથમ પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય ડૉ. મનમોહન સિંઘ અને ધારાસભ્ય સ્વર્ગીય કરસન સોલંકી, વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ સ્વર્ગીય શંભુજી ઠાકોર તથા પૂર્વ ધારાસભ્યો સ્વર્ગીય નેમજી કેનીયા અને સ્વર્ગીય કમલેશ પટેલના અવસાન અંગેના શોકદર્શક પ્રસ્તાવ રજૂ કરાયા.

સત્ર દરમિયાન વિધાનસભાના મેજ ઉપર અલગ અલગ કાગળ મૂકાશે તેમ જ કામકાજ સમિતિના આઠમા અહેવાલની રજૂઆત કરાશે. સત્રમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ બે મહત્વના સરકારી ખરડા રજૂ કરશે, જેમાં ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ કરવા બાબત ખરડો અને ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ નોંધણી અને નિયમન સુધારા ખરડાનો સમાવેશ થાય છે.

# JAISHANKAR-SOUTH AFRICA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આવતીકાલથી દક્ષિણ આફ્રિકાના બે દિવસના પ્રવાસે જશે. તેઓ જોહાનિસબર્ગમાં G-20 દેશના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ, બેઠકમાં ડૉ. જયશંકરની ભાગીદારી G-20 દેશ સાથે ભારતના જોડાણને મજબૂત બનાવવાની સાથે ગ્લોબલ સાઉથનો અવાજ મજબૂત બનાવશે. વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન શ્રી જયશંકર કેટલીક દ્વિપક્ષીય બેઠક કરે તેવી શક્યતા છે.

# SHIVRAJ-RURAL ECONOMY

ગ્રામીણ નાગરિકોના જીવનને વધુ આરામદાયક બનાવવા કેન્દ્ર સરકારે હાથ ધરેલી અનેક પહેલોએ દેશના અર્થતંત્રને નવી ગતિ આપી છે. ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે નવી દિલ્હીમાં આફ્રિકન-એશિયન ગ્રામીણ વિકાસ સંગઠન AARDOની કારોબારી સમિતિના 77મા સત્રનું ઉદ્ઘાટન કરતાં આ મુજબ કહ્યું હતું. તેમણે ભાર મૂક્યો કે ભારત, AARDOને તેના અવિરત સમર્થન અને સહાયથી, ગ્રામીણ સમુદાયને સશક્ત બનાવશે.

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ, પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના, એક પેડ મા કે નામ અભિયાન અને લખપતિ દીદી જેવી યોજનાઓ અને પહેલ પર પ્રકાશ પાડતા શ્રી ચૌહાણે કહ્યું કે, દેશ આજે ખાદ્ય ઉત્પાદનમાં આત્મનિર્ભર થવાની સાથે અન્ય રાષ્ટ્રોને પણ મદદ કરી રહ્યો છે. તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન દ્વારા, લગભગ 90 લાખ સ્વ-સહાય જૂથોમાં લગભગ 10 કરોડ મહિલાઓનો સમાવેશ કરાયો છે અને તેમને 50 હજાર કરોડથી વધુની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BJP LEGISLATIVE PARTY MEET

દિલ્હી ભારતીય જનતા પાર્ટી ધારાસભ્ય દળની બેઠક આજે સાંજે નવી દિલ્હીમાં યોજાશે. બેઠકમાં ભાજપના તમામ નવનિયુક્ત ધારાસભ્ય અને પાર્ટીના વરિષ્ઠ નેતા ભાગ લેશે. બેઠક દરમિયાન દિલ્હીના આગામી મુખ્યમંત્રીના નામને આખરી ઓપ અપાશે. નવા મુખ્યમંત્રીનો શપથગ્રહણ સમારોહ આવતીકાલે સવારે રામલીલા મેદાનમાં યોજાશે. ઉલ્લેખનીય છે કે, દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે 70માંથી 48 બેઠક જીતી છે.

# PM SHIVAJI MAHARAJ

દેશભરમાં આજે મહાન મરાઠા યોદ્ધા રાજા છત્રપતિ શિવાજી મહારાજની આજે 395મી જન્મજયંતીની ઉજવણી થઈ રહી છે. આજના જ દિવસે વર્ષ 1630ના રોજ મહારાષ્ટ્રમાં પુણે જિલ્લાના શિવનેરી કિલ્લામાં જન્મેલા છત્રપતિ શિવાજી મહારાજે મરાઠા સામ્રાજ્યનો પાયો નાંખ્યો હતો. તેમ જ મુઘલ શાસનને પડકાર આપ્યો હતો. તેમને તેમના પ્રગતિશીલ નેતૃત્વ, સૈન્ય કુશળતા, બહાદુરી, બુદ્ધિમત્તા અને સ્વરાજ્ય માટે ઓળખવામાં આવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છત્રપતિ શિવાજી મહારાજને તેમની જયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

(બાઈટ -પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી )

# CHHATRAPATI SHIVAJI-PUNE

કેન્દ્રીય યુવા અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતી નિમિત્તે આજે પુણેમાં યોજાયેલી પદયાત્રામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે જણાવ્યું, છત્રપતિ શિવાજી મહારાજે આદર્શ શાસન અને મહિલાઓ પ્રત્યેના સન્માન દ્વારા હિંદવી સ્વરાજ્યનો પાયો નાખ્યો હતો, તેવી જ રીતે નરેન્દ્ર મોદી સરકાર તેમના સિદ્ધાંતોથી પ્રેરિત થઈને વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે કામ કરી રહી છે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ આ કાર્યક્રમમાં ભાગ લેતા સરકારે શિવાજી મહારાજના બાર કિલ્લાને યુનેસ્કો વૈશ્વિક ધરોહર દરજ્જા માટે નામાંકિત કર્યા હોવાનું કહ્યું હતું.

# WPL VADODARA

વડોદરામાં મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ- WPL માં આજે યુપી વૉરિયર્ઝ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાશે. આ મેચ સાંજે સાડા સાત વાગે શરૂ થશે.

વડોદરામાં ગઈકાલે રમાયેલી પાંચમી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે ગુજરાત જાયન્ટ્સનો પરાજય થયો છે. મુંબઈ ઇન્ડિયન્સે પહેલા બોલિંગ કરતાં ગુજરાત જાયન્ટ્સની ટીમે 20 ઓવરમાં 120 રન બનાવ્યા હતા. જ્યારે મુંબઈ ઇન્ડિયન્સે 16 ઓવર એક બૉલમાં 5 વિકેટે 122 રન બનાવીને મેચ જીતી લીધી હતી. ટીમનાં નેટ સાયવર-બ્રન્ટે સૌથી વધારે 57 રન બનાવ્યાં હતાં. દરમિયાન હેયલે મેથ્યુઝને પ્લેયર ઑફ ધી મૅચ જાહેર કરાયાં હતાં.

# TRUMP- CHILD IMMIGRANTS

અમેરિકામાં ટ્રમ્પ વહીવટી તંત્રએ ફક્ત સંયુક્ત રાજ્ય અમેરિકામાં પ્રવેશતા બાળકો માટે ઇમિગ્રેશન અદાલતમાં કાનૂની સહાય પૂરી પાડવાનું બંધ કર્યું છે. આ નિર્ણય દેશનિકાલનો સામનો કરી રહેલા લોકોને અસર કરશે, જેઓ વકીલનો ખર્ચ ઉઠાવી શકતા નથી. જોકે, અમેરિકાના ગૃહ વિભાગે આ આદેશ અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી.

# ISRAEL-HAMAS TRUCE DEAL

હમાસે ગાઝા યુદ્ધવિરામ કરારના બીજા તબક્કા દરમિયાન તમામ ઇઝરાયલી અને પેલેસ્ટિનિયન કેદીઓની એક જ વારમાં અદલાબદલીનો પ્રસ્તાવ મૂક્યો છે. હમાસે જણાવ્યું કે તે પ્રથમ તબક્કામાં મુક્ત કરવામાં આવનારાં છ બંધકોને શનિવારે મુક્ત કરશે. જ્યારે અન્ય ચાર લોકોના મૃતદેહ આવતીકાલે પરત કરશે. દરમિયાન ઇઝરાયલના વિદેશ મંત્રી ગિડીઓન સારએ કહ્યું કે યુદ્ધવિરામ કરાર પર વાતચીતનો બીજો તબક્કો આ અઠવાડિયે શરૂ થશે.